# શિક્ષણ/કેળવણી વિષયક ખાસ જરૂરિયાતો

૧. કોઇ બાળકને શિક્ષણ ગ્રહણ કરવાની ખાસ તકલીફ પડતી હોય અને એને લીધે, સમાન ઉંમરના બીજા બાળકો કરતાં એને ભણવાનું વધારે મુશ્કેલ લાગે, યા તો એના વિસ્તારમાં સમાન ઉંમરના બીજા બાળકોને શિક્ષણ માટે જે સવલતો મળતી હોય તે એને પોતાને કોઇ ડીસેબીલીટી હોવાને કારણે પૂરતી ઉપયોગમાં ન લઇ શકાય, તો એવા બાળકને સ્કૂલમાં વધારે મદદ મળવી જોઇએ.

૨. શિક્ષણ ગ્રહણ કરવામાં પડતી તકલીફના અનેક કારણો હોઇ શકે, જેમ કે:

a) કોઇ જાતની ડીસેબીલીટી;

b) આચરણ/વર્તણૂકને લગતી સમસ્યાઓ;

c) વાંચનમાં મુશ્કેલી.

સ્કૂલમાં વપરાતી ભાષા અને ઘરે બોલાતી ભાષા જૂદી જૂદી હોય તો ફક્ત એ જ કારણથી બાળકને કોઇ ખાસ વિશિષ્ટ જરૂરિયાત છે એમ ના ગણાય.

૩. શિક્ષણ ગ્રહણ ના કરી શકે તેવા બાળકને કઇ જાતની મદદ આપવી એ મોટે ભાગે સ્કૂલ પોતે જ નક્કી કરે છે. અતિશય વધારે મુશ્કેલી પડતી હોય તેવા બાળકોને લોકલ એજ્યુકેશન ઑથોરિટી તરફથી "સ્ટેચ્યુટરી ઍસેસમેન્ટ" એટલે કે "બાકાયદા ચકાસણી" કરાવવી પડશે. તમને એમ લાગે કે તમારૂં બાળક શિક્ષણ ગ્રહણ કરી શકે એમ નથી તો તમે પોતે આવી ચકાસણી કરાવી શકો છો.

૪. આ બાકાયદા ચકાસણી લોકલ એજ્યુકેશન ઑથોરિટી કરશે. તમારા બાળકને આવી ચકાસણી કરાવવાની જરૂર છે કે કેમ એ નક્કી કરવા માટે લોકલ એજ્યુકેશન ઑથોરિટીએ એક કાયદેસરની પ્રક્રિયા પૂરી કરવાની હોય છે. જો એ ચકાસણી કરવાનો ઇનકાર કરે તો તમે સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ ટ્રાઇબ્યુનલ(એક ખાસ પ્રકારનું તપાસ-પંચ)માં અપીલ નોંધાવી શકો છો.

જો લોકલ એજ્યુકેશન ઑથોરિટી એમ નક્કી કરે કે તમારા બાળકને આ ચકાસણીની જરૂર છે તો એ તમારા બાળકને લગતા વિવિધ અહેવાલ માગશે, જેમ કે:

a) તમારો અહેવાલ;

b) ડૉક્ટરનો અહેવાલ;

c) એજ્યુકેશનલ સાયકોલોજીસ્ટ(શિક્ષણલક્ષી મનોવૈજ્ઞાનિક)નો અહેવાલ; અને

d) સ્કૂલનો અહેવાલ.

૫. તમારા બાળકનું જે કાંઇ પરીક્ષણ થાય તેમાં તમે હાજરી આપી શકો છો. તમારા બાળકનું સ્વાસ્થ્યલક્ષી કે શિક્ષણલક્ષી પરીક્ષણ કરાવવાની તમે ના પાડો તો લોકલ એજ્યુકેશન ઑથોરિટી કોર્ટે ચઢીને તમને એને માટે ફરજ પાડી શકે છે.

૬. તમારા બાળક વિષે તમે જે રિપોર્ટ આપો તેમાં તમારા પોતાના મંતવ્યો અને અનુભવો તેમ જ તમારા બાળક વિષે અન્ય નિષ્ણાતોના અહેવાલને પણ ટાંકી શકાય છે.

૭. બાદમાં, લોકલ ઑથોરિટી નક્કી કરશે કે તમારા બાળકને વિશિષ્ટ સહાયની જરૂર છે કે કેમ. એ નિર્ણયને રજૂ કરવાનું માધ્યમ છે "એ સ્ટેટમેન્ટ ઓફ સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ" નામનું નિવેદન.

૮. "એ સ્ટેટમેન્ટ ઓફ સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ" એ લોકલ એજ્યુકેશન ઑથોરિટી તરફથી તૈયાર કરેલ એક કાનૂની દસ્તાવેજ હોય છે જેમાં નીચે બતાવેલ મુદ્દાઓ ઉપર વિગતો આપવામાં આવે છે:

a) તમારા બાળકની શૈક્ષણિક જરૂરિયાતો;

b) એ જરૂરિયાતોને પહોંચી વળવા માટેની જરૂરી મદદ.

આ મદદ વિષે પૂરી વિગતો હોવી જોઇએ. તમારા બાળકને કઇ સ્કૂલમાં ભણાવવામાં આવશે એ પણ એમાં લખાવું જોઇએ; જો કે, અત્યારે જે સ્કૂલમાં હોય ત્યાં જ કદાચ ચાલુ રહેવાનું થાય. ખરેખર તો આવા નિવેદન જે બાળકો માટે કરાય એમાંના મોટા ભાગના સામાન્ય સ્કૂલમાં જ અભ્યાસ કરે છે.

૯. નિવેદનમાં લોકલ ઑથોરિટીએ તમારા બાળક વિષે જે નિર્ણય દર્શાવ્યો હોય તે તમને મંજૂર ના હોય તો તમે સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ ટ્રાઇબ્યુનલને અપીલ કરી શકો છો. નીચે બતાવેલ બાબત લાગુ પડે તો બેશક અપીલ કરાય:

a) "સ્ટેચ્યુટરી ઍસેસમેન્ટ" અથવા તમે માગેલ ફેર-ચકાસણી કરવાની લોકલ ઑથોરિટી ના પાડે;

b) "સ્ટેચ્યુટરી ઍસેસમેન્ટ" કર્યા બાદ લોકલ ઑથોરિટી તમારા બાળકને લગતું નિવેદન ના આપે;

c) નિવેદનમાં નોંધેલ ખાસ શૈક્ષણિક જરૂરિયાતો કે એને માટેની ખાસ મદદ બારામાં તમે સંમત નાહો;

d) કઇ સ્કૂલમાં તમારા બાળકે જવું એ લોકલ ઑથોરિટીએ નિવેદનમાં સૂચવ્યું ના હોય;

e) સૂચવેલ સ્કૂલમાં તમારા બાળકને મોકલવા તમે કબૂલ ના હો;

f) સૂચવેલ સ્કૂલ તમે નાપસંદ કર્યા બાદ બીજી કોઇ સ્કૂલનું નામ દેવા લોકલ ઑથોરિટી કબૂલ ના હોય;

g) બાળકની ફેર-ચકાસણી કર્યા બાદ પણ લોકલ એજ્યુકેશન ઑથોરિટી અસલ નિવેદનમાં કોઇ ફેરફાર ના કરે; અથવા,

h) તમારા બાળકને લગતા નિવેદનની પ્રક્રિયાને લોકલ એજ્યુકેશન ઑથોરિટી થંભાવી દેવા માગતી હોય અને તમને એ મંજૂર ના હોય.

૧૦. ઘણી સ્કૂલોમાં ફરિયાદોના નિવારણ અર્થે પોતાની આગવી પ્રક્રિયાઓ હોય છે, અને તમને કદાચ એ પદ્ધતિ અપનાવવા યોગ્ય લાગે. ગમે તેમ હોય, તમારી ફરિયાદને જો સરખો પ્રતિસાદ ના મળે અને મામલો ગંભીર હોય તો તમે કેળવણી-પ્રધાનને ધા નાખી શકો છો. એજ્યુકેશન ઑથોરિટીના નિર્ણય, પ્રવેશ અપીલ નિર્ણાયક પંચના નિર્ણય, કે બાતલ રાખવાની અપીલના નિર્ણાયક પંચના નિર્ણય - આમાંથી કોઇ નિર્ણય બારામાં તમે લોકલ ગવર્નમેન્ટ ઓમ્બડ્સમેનને ફરિયાદ કરી શકો છો. જો કે, આ લોકલ ગવર્નમેન્ટ ઓમ્બડ્સમેન ફક્ત ગેરવહીવટ બારામાં જ કાર્યવાહી હાથ ધરી શકે, જેમ કે, સંસ્થાએ પોતે સ્થાપેલ પ્રક્રિયા/પદ્ધતિને પોતે ના અનુસરી હોય, યા તો કાંઇ પણ કામ કરવામાં ઘણો વિલંબ કર્યો હોય. ઓમ્બડ્સમેનને કરેલ ફરિયાદને અપીલ તરીકે કે અપીલ કરવાના વિશેષ અધિકાર તરીકે ના લેખી શકાય.

૧૧. જો તમે અપીલ કરવા માગતા હો તો પહેલેથી, અને જેમ બને એમ જલદીથી, કાનૂની સલાહ લેવી જ જોઇએ. ખાસ શૈક્ષણિક જરૂરિયાતો બારામાં અપીલ કરવા માટે, એક સિદ્ધાંત તરીકે, લૉ સેન્ટર માબાપોને મદદ કરશે, પણ દરેક કેસના સંજોગોને તેમ જ લૉ સેન્ટરની પોતાની સંપન્નતાને ધ્યાનમાં રખાશે.

આ પરિપત્રમાં આપેલ માહિતી સાચી તેમ જ આજની તારીખને અનુરૂપ છે તેની બને એટલી ચોકસાઇ રાખવામાં આવી છે. આમ છતાં, કાયદાની દૃષ્ટિએ એને સંપૂર્ણ કે સત્તાવાર ન ગણી શકાય, કાનૂની સલાહ ન કહેવાય, તેની ખાસ નોંધ લેવી. આ માહિતીમાં કોઇ પ્રકારની ભૂલચૂક હોય તેને માટે, કે તેનાથી ઉપજતા માઠા પરિણામ માટે અમોને જવાબદાર ન ઠેરવી શકાય. ઇંગ્લેન્ડ અને વેલ્સમાં વસતા અને એના કાયદાઓની અસર તળે આવતા લોકો માટે જ આ પરિપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

જૂન ૨૦૦૩